# પંચમહાલના રિછવાણીમાં સ્ટેટ મોનિટરિંગ સેલની કાર્યવાહી : ₹ 5.68 લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

**નવા વર્ષની** પાર્ટીઓ પહેલા દારૂ માફિયાઓ પર પોલીસ ત્રાટકી

**બે લક્ઝરી** ગાડી સહિત 16.38 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



(પ્રતિનિધિ) ગોધરા, તા. 18

'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે રાજ્યમાં દારૂની રેલમછેલ કરવા મથતા બુટલેગરો સામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એક્શનમાં આવ્યું છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રિછવાણી ગામે નવા વર્ષની પાર્ટીઓ માટે સંગ્રહિત કરાયેલો વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડી SMCએ બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે.

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને ચોક્કસ બાતમી મળી હતી કે રિછવાણી ગામે બાબુભાઈ ઉર્ફે બાબુ ચોટલી નાનાભાઈ વણકર પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો મોટો જથ્થો રાખીને વેચાણ કરી રહ્યો છે. આ બાતમીને આધારે SMCની ટીમે રિછવાણી ગામે દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન બાબુ ચોટલીના મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની કુલ 2027 બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. 5,68,600 જેટલી થાય છે. દારૂનો જથ્થો નવા વર્ષની ઉજવણી માટે સપ્લાય થવાનો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસે દારૂના જથ્થા સાથે ગુનામાં વપરાયેલી બે ગાડીઓ પણ જપ્ત કરી છે. જેમાં સફેદ રંગની મહિન્દ્રા મેક્ષ કાર (રજી. નં. GJ-20-A-6397), સફેદ રંગની બોલેરો પ્લસ (રજી. નં. GJ-07-DB-5204),bબન્ને ગાડીઓની અંદાજિત કિંમત રૂ. 10 લાખ આંકવામાં આવી છે. ઉપરાંત આરોપીઓ પાસેથી રૂ. 70 હજાર કિંમતના 5 મોબાઈલ ફોન અને દારૂ ઢાંકવા માટે વપરાતું કાળું કપડું પણ કબજે લેવામાં આવ્યું છે. કુલ મળીને રૂ. 16,38,600નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

પોલીસે સ્થળ પરથી બાબુભાઈ ઉર્ફે બાબુ ચોટલી વણકર, સુનીલ બાબુભાઈ પરમાર, બોલેરો ગાડીના ડ્રાઈવર અક્ષયકુમાર બાબુભાઈ રાઠવા, દારૂની પેટીઓ ઉતારનાર મજૂર રાજેશભાઈ માનાભાઈ વણકરની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આ દારૂનો જથ્થો મધ્યપ્રદેશના કઠેવાડા ગામે રહેતા અશોકભાઈ પ્રતાપસિંહ બારીયાએ મોકલ્યો હતો. જેથી પોલીસે અશોક બારીયાને વોન્ટેડ જાહેર કરી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દેવગઢ બારીયા પાલિકાના પ્રમુખ નિલ સોનીનું ભવ્ય સ્વાગત કરાયું

**હાઇકોર્ટથી** રાહત બાદ પાલિકા પ્રમુખ તરીકે નિલ સોની યથાવત રહ્યા હતા



(પ્રતિનિધિ) દેવગઢ બારીયા, તા.18

દેવગઢ બારીયા નગરપાલિકાના પ્રમુખ નિલ સોનીને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. તેમના વિરુદ્ધ અગાઉ કરવામાં આવેલી કાર્યવાહી બાબતે દાખલ થયેલી અરજી પર હાઈકોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો હતો, જેના પગલે નિલ સોની પાલિકા પ્રમુખ પદે યથાવત રહ્યા છે.

હાઈકોર્ટના હુકમ બાદ નિલ સોનીએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, "આ સત્યનો વિજય છે. મારી સામે કરવામાં આવેલા તમામ આક્ષેપો સંપૂર્ણપણે ખોટા હતા અને ન્યાયતંત્રએ સાચું સાબિત કર્યું છે." વધુમાં જણાવ્યું હતું કે તેઓએ કોઈ પણ પ્રકારની ગેરરીતિ કરી નથી અને લોકશાહી પ્રક્રિયા અંતર્ગત તેમને ફરીથી ન્યાય મળ્યો છે.

આ ચુકાદાની ખબર શહેરમાં ફેલાતાં જ નિલ સોનીના સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સમર્થકો દ્વારા ફટાકડા ફોડી, ફૂલહાર પહેરાવી નિલ સોનીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અનેક સમર્થકોએ આ ચુકાદાને લોકશાહીની જીત ગણાવી હતી.

નિલ સોનીએ જણાવ્યું હતું કે, હાઈકોર્ટના ચુકાદા બાદ હવે તેઓ દેવગઢ બારીયા શહેરના વિકાસ માટે વધુ સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે કામ કરશે. નગરપાલિકાના અધૂરા વિકાસ કાર્યોને ઝડપી પૂર્ણ કરવાના સાથે શહેરને વધુ સુવ્યવસ્થિત બનાવવા પર ભાર મુકાશે. હાઈકોર્ટના આ ચુકાદાને પગલે દેવગઢ બારીયા નગરપાલિકામાં સર્જાયેલી રાજકીય અનિશ્ચિતતા દૂર થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# દાહોદમાં રક્તપિત્ત દર્દી શોધ અભિયાન કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.18

દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રક્તપિત્ત દર્દી શોધ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. દાહોદ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા આયોજનબદ્ધ અને અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અભિયાનની મોનીટરીંગ અને ફિલ્ડ સમીક્ષા માટે ભારત સરકારની નેશનલ ટીમ દ્વારા દાહોદ જિલ્લાની મુલાકાત લેવામાં આવી હતી. ટીમમાં ડો.આશિષ વાગ, ડો.કિરણ અખાડે (અસિસ્ટન્ટ ડિરેક્ટર - RLTRI) તથા ડો. સુધિર વાંજેનો સમાવેશ થતો હતો. આ ટીમે દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ રક્તપિત્ત દર્દી શોધ અભિયાનની કામગીરીની સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન ભથવાડા PHC હેઠળના ભથવાડા સબ સેન્ટરના વિસ્તારના ગામોમાં હાઉસ-ટુ-હાઉસ સર્વેનું ક્રોસ વેરિફિકેશન કરવામાં આવ્યું હતું.

**અધિકારીઓએ જગ્યા જોઈ, માપણી કરી છતાં જમીન ફાળવણી અટવાયેલી**

# સિંગવડ શહેરમાં નવીન એસટી ડેપો બનાવવાની વાત કાગળ પર જ રહી

**બસ સ્ટેશન** ન હોવાથી મુસાફરો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી



(પ્રતિનિધિ) સિંગવડ, તા.18

સિંગવડ તાલુકામાં એસટી ડેપો બનાવવા માટે વર્ષો પહેલાં એસટી બસના અધિકારીઓ તેમજ તંત્રના અધિકારીઓ દ્વારા સરકારની પડતર જમીન જોઈ લેવામાં આવી હતી. બસ સ્ટેશન બનાવવા માટે જરૂરી માપણી પણ કરવામાં આવી હતી. પરંતુ આ પ્રોજેક્ટ હાલ હથેળીમાં ચાંદ સમાન બની ગયો છે.

એસટી ડેપો બનાવવા માટે યોગ્ય સરકારી જમીન હોવા છતાં આ પ્રોજેક્ટ કયા સરકારી તંત્રમાં અટવાયો છે તે અંગે કોઈ સ્પષ્ટતા ન થતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. "સરકારની કામ ન લાગતી જમીન હોય તો તેનો ઉપયોગ જાહેર હિત માટે કેમ ન થાય?" એવો સવાલ સ્થાનિકોમાં ઉઠી રહ્યો છે.

એસટી ડેપો ન હોવાના કારણે રોજગારી માટે દૂર દૂર જતા મજૂરો તેમજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. બસ પકડવા માટે લોકોને સંજેલી, લીમખેડા કે પીપલોદ જેવા તાલુકાઓ સુધી જવું પડે છે, જેના કારણે સમય અને ખર્ચ બંને વધી જાય છે.

જો સિંગવડ તાલુકામાં એસટી ડેપો અને બસ સ્ટેશન બનાવવામાં આવે તો નવી બસો તાલુકાને મળી શકે અને ગામડાઓ સુધી વધુ બસ સેવા શરૂ થઈ શકે. ઘણી એક્સપ્રેસ બસો પણ સિંગવડથી શરૂ થવાની શક્યતા છે, જેનાથી તાલુકાનો સર્વાંગી વિકાસ થઈ શકે તેમ છે.

ગુજરાત રાજ્યના અનેક તાલુકાઓમાં એસટી બસ સ્ટેશન અને ડેપો બની ગયા છે, ત્યારે સિંગવડ તાલુકામાં હજુ સુધી બસ સ્ટેશન ન બનવું આશ્ચર્યજનક માનવામાં આવી રહ્યું છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે અન્ય તાલુકાઓની જેમ સિંગવડને પણ એસટી ડેપોનો લાભ મળવો જોઈએ. સિંગવડ તાલુકાના નાગરિકો, મુસાફરો અને વિદ્યાર્થીઓ દ્વારા લાગતા-વળગતા અધિકારીઓને વહેલી તકે એસટી ડેપો અને બસ સ્ટેશન બનાવવાની માંગ ઉઠી છે. જો આ માંગ પૂર્ણ થાય તો વર્ષોથી ચાલતી મુસાફરીની મુશ્કેલીનો કાયમી ઉકેલ આવી શકે તેમ છે.

# વાલાગોટામાં પોલીસે સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાવી

(પ્રતિનિધિ) સિંગવડ, તા.18



સિંગવડ તાલુકાના વાલાગોટા ગામે રણધીપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.કે. ચૌધરી દ્વારા રાત્રી સભા યોજાઈ હતી. જેમાં વાલાગોટા ગામના સરપંચ પરવતભાઈ ચૌહાણ તથા ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પીઆઈ દ્વારા ગ્રામજનોને અમુક પોલીસલક્ષી માહિતી આપવામાં આવી હતી. જેમાં મોટરસાયકલ લઈને નીકળતા લોકો હેલ્મેટ ફરજિયાત પહેરે તથા ડીજે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ઓછા અવાજે વગાડવા જણાવ્યું હતું. જ્યારે સાઈબર ક્રાઈમમાં ફ્રોડ નહીં થાય એના માટે ચેતવ્યા હતાં અને બેક એકાઉન્ટ કોઈને પણ ભાડે નહીં આપવા અને જો આપશો તો તેમાં સાયબર ક્રાઈમનો ગુનો બનશે. જેવી અનેક બાબતો માટે લોકોનું ધ્યાન દોર્યું હતું. જે નજીકના સંબંધો હોય તેમાં છોકરા-છોકરીઓ નાસી જતા હોય છે, તેના માટે પરિવારના લોકો ધ્યાન રાખીને તેના માટે લોકોને જાગૃત કરવા તથા નાની નાની બાબતોમાં ઝઘડા નહીં કરીને પોલીસ સ્ટેશન સુધી નહિ આવીને ગામમાં બેઠા પંચ દ્વારા નિકાલ કરવામાં આવે તેવી ઘણી બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી અને લોકોને પોલીસ દ્વારા કોઈ તકલીફ હોય તો જણાવવા કહ્યું હતું.

**દાહોદ જિલ્લામાં પાન પાર્લર અને ચાની દુકાનો પર પોલીસના વ્યાપક દરોડા**

# દાહોદમાં 90 હજારના ગોગો પેપર, રોલિંગ પેપર ને સ્મોકિંગ કોન પકડાયાં

**સરકારના** પ્રતિબંધ બાદ પોલીસ એક્શનમાં, છ વેપારી સામે ગુનો દાખલ



(પ્રતિનિધિ) દાહોદ, તા. 18

યુવામાં વધતી નશાની પ્રવૃત્તિ ડામવા સરકારના ગૃહ વિભાગના આદેશ બાદ દાહોદ પોલીસે શહેરના વિવિધ વિસ્તારોમાં પાન પાર્લર અને વ્યાપારી એકમો પર એકસાથે દરોડા પાડી કડક કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન પ્રતિબંધિત ગોગો પેપર, સ્મોકિંગ કોન અને રોલિંગ પેપરનો આશરે રૂ. 90 હજારથી વધુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા નશાસહાયક સામગ્રી પર પ્રતિબંધ મુકાતાં જ દાહોદ શહેરમાં બસ સ્ટેશન રોડ, શિવાજી સર્કલ, યાદગાર ચોક અને સ્ટેશન રોડ સહિતના વિસ્તારોમાં પાન પાર્લર અને ચાની દુકાનોમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું.

સૌથી મોટી કાર્યવાહી યાદગાર ચોક પાસે આવેલી વિષ્ણુ ટ્રેડર્સ ખાતે કરવામાં આવી હતી. જ્યાંથી રૂ. 58,000ની કિંમતના રોલિંગ પેપર અને વિવિધ સ્મોકિંગ કોન મળી કુલ રૂ. 78,960નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શિવ પાન પેલેસ, ઝુલેલાલ પાન કોર્નર, મી ચાય સુટ્ટા અને રીફ્રેશ પાન પોઈન્ટ જેવા એકમોમાંથી પણ પ્રતિબંધિત નશાસહાયક સામગ્રી મળી આવી હતી. પોલીસે રમેશ રાવલ, ગુલશન ભોજવાણી, ભરત પ્રીતમાણી, અનિશ ભામી, અનિલ પરમાર અને રાજેશભાઈ સહિત છ વેપારીઓ સામે ગુનો દાખલ કર્યો હતો.

### ગોગો પેપર અને સ્મોકિંગ કોનનો શું ઉપયોગ?

ગોગો પેપર અને સ્મોકિંગ કોનનો ઉપયોગ મુખ્યત્વે ગાંજો, તમાકુ અથવા અન્ય નશીલા પદાર્થોને વીંટાળીને સિગારેટની જેમ પીવા માટે કરવામાં આવે છે. ગોગો પેપર પાતળું કાગળ હોય છે જેમાં નશીલા પદાર્થને હાથેથી રોલ કરવામાં આવે છે, જ્યારે સ્મોકિંગ કોન પહેલેથી તૈયાર કરેલું શંકુ આકારનું ખાલી પેપર હોય છે, જેમાં નશીલો પદાર્થ ભરીને તાત્કાલિક ઉપયોગ કરી શકાય છે.

# મલાવમાં કોન અને રોલ ઝડપી પાડ્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા.18

પંચમહાલ જિલ્લાની સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમ અને પોલીસ સ્ટેશનનો સ્ટાફ પીએસઆઈ બી.કે. ગોહિલ સાથે કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળેલ કે અલિન્દ્રા હાઈવે રોડ મલાવ ત્રણ રસ્તા પાસે ચામુંડા પાન સેન્ટરમાં એક ઈસમ પાન પડીકી મસાલાને આડમાં પ્રતિબંધિત રોલિંગ પેપર તથા ગોગો સ્મોકિંગ કોન, પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનું વેચાણ કરે છે જે આધારે દુકાનમાં તપાસ કરતા દુકાનદાર રાકેશકુમાર વિક્રમસિંહ ચાવડા હાજર મળી આવેલ છે તેની દુકાનમાંથી 49 જેટલા રોલ કોન મળી આવેલા તથા સાત જેટલા ગોગા રોલ પેપર મળી આવ્યા હતા પોલીસે કુલ 805 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી દુકાનદાર સામે કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદના દેવગઢ બારીયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દુધિયા ખાતે આરોગ્ય ઝુંબેશનું આયોજન



"રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ"અંતર્ગત દાહોદના દેવગઢ બારીયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દુધિયા ખાતે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સઘન આરોગ્ય ઝુંબેશનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશને સફળ બનાવવા માટે મુખ્ય જિલ્લા અધિકારી ડો. ઉદય ટીલાવત સાહેબ, મુખ્ય જિલ્લા ક્ષય અધિકારી ડો.આર.ડી.પહાડીયા સાહેબ, તાલુકા આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ બારિયા સાહેબ, મેડિકલ ઓફિસર ડો.શુભમ સાહેબ તેમજ આયુષ મેડિકલ ઓફિસર ડો અમિત મછાર સાહેબનું મૂલ્યવાન માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. તેમના નેતૃત્વ હેઠળ, "૧૦૦ દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ" અભિયાનને આગળ ધપાવવામાં આવ્યું. પોર્ટેબલ એક્સ-રે મશીન દ્વારા જુદી-જુદી કેટેગરીના કુલ 156 જેટલા લાભાર્થીઓના એક્સ-રે કરવામાં આવ્યા હતા. આ સઘન કાર્યક્રમમાં માત્ર ટીબી જ નહીં, પરંતુ લાભાર્થીઓના સર્વાંગી આરોગ્યને ધ્યાનમાં રાખીને HEIGHT, WEIGHT, B.P., RBS, કેન્સર જેવા NCD (બિન-ચેપી રોગો) માટેનું સ્ક્રીનિંગ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યને MPHS, MPHW, CHO, FHW તથા આશા બહેનો દ્વારા સફળ બનાવવામાં આવ્યો.

**વેડફાતા પાણીથી ખેતી પર ગંભીર અસર, સિઝનમાં પૂરતું પાણી ન મળ્યાની ફરિયાદ**

# સુખસર તાલુકાના જવેસી - પાટડીયા નહેર બિસમાર હાલતમાં ફેરવાતા ખેડૂતોમાં રોષ

**ઠેકઠેકાણે** તૂટેલી નહેરની મરામત ન થતા ખેડૂતો ભારે મુશ્કેલીમાં



(પ્રતિનિધિ) સુખસર, તા. 18

સુખસર તાલુકામાં આવેલ જવેસી, મારગાળા અને નીંદકાપૂર્વ એમ ત્રણ સિંચાઈ તળાવમાંથી કેનાલ દ્વારા ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરું પાડવામાં આવે છે. પરંતુ વર્ષોથી આ કેનાલોની યોગ્ય રીતે રીપેરીંગ અને સાફ-સફાઈ ન થવાને કારણે આજે ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

જવેસી સિંચાઈ તળાવમાંથી નીકળતી નહેર છેલ્લા આઠેક વર્ષથી બિસમાર હાલતમાં છે. નહેર ઠેકઠેકાણે તૂટી ગઈ છે અને અંદર મોટા ઝાડી-ઝાંખરા તેમજ વૃક્ષો ઊગી નીકળતા નહેર જંગલ જેવી દેખાય છે. ખાસ કરીને જ્યાંથી નહેરની શરૂઆત થાય છે તે સ્થળે જ ભારે ભંગાણ સર્જાયું છે, છતાં મરામત થતું નથી.

નહેર વચ્ચે અનેક જગ્યાએ તૂટફૂટના કારણે લીકેજ થાય છે અને સિંચાઈનું કિંમતી પાણી આસપાસના ખેતરોમાં વહી જાય છે. પરિણામે ઘણા ખેડૂતો પોતાની ખેતીલાયક જમીનમાં ખેતી પણ કરી શકતા નથી. જ્યાં ખેતી થાય છે ત્યાં પણ પૂરતું પાણી ન મળતાં પાકને નુકસાન થઈ રહ્યું છે. નહેરની આજુબાજુ ઊગી નીકળેલા ઝાડી-ઝાંખરાના કારણે જંગલી ભૂંડો વસવાટ કરવા લાગ્યા છે. જેના લીધે બચી-ખુચી ખેતી પણ જંગલી ભૂંડો દ્વારા બગાડી નાખવામાં આવે છે. આ કારણે ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. બિસમાર નહેર અને પાણીના વેડફાટને કારણે મોટાભાગના ખેડૂતોને સિઝનમાં પૂરતું સિંચાઈ પાણી મળતું નથી. પરિણામે ખેતીમાંથી યોગ્ય વળતર મળતું નથી અને ખેડૂતો અસહ્ય મુશ્કેલીમાં મુકાયા છે.

### તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

પાટડીયા અને આસપાસના ગામોના ખેડૂતો તથા ગ્રામજનોએ માંગ ઉઠાવી છે કે જવેસી સિંચાઈ તળાવથી પાટડીયા થઈ ખાતરપુરના મુવાડા સુધી જતી નહેરની તાત્કાલિક સાફ-સફાઈ અને મરામત કરવામાં આવે, ઝાડી-ઝાંખરા દૂર કરવામાં આવે અને વેડફાતા પાણી પર રોક લગાવવામાં આવે, જેથી ખેડૂતોને ખેતીથી વંચિત ન થવું પડે. સ્થાનિકોની માંગ છે કે ઝાલોદ નાની સિંચાઈ કચેરી દ્વારા સુખસર તાલુકામાં કરવામાં આવેલી તમામ કામગીરીની નિષ્પક્ષ અને તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે.

# કાલોલ ગામના મોકળ ગામેથી ઝોલાછાપ ડોક્ટર ઝડપાયો

**એસઓજી** પોલીસે એલોપથી દવાઓ સાથે ઝડપી કરી કાર્યવાહી

**તબીબી** ડિગ્રી વગર ચલાવતો હતો દવાખાનું




(પ્રતિનિધિ) કાલોલ, તા.18

કાલોલ તાલુકાના મોકળ ગામે રોડ ફળિયામાં દવાખાનું ચલાવતા એક ઈસમ વિરુદ્ધ એસઓજી પોલીસે કડક કાર્યવાહી કરી હતી. એસઓજી પોલીસ સ્ટાફે ગોધરા સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર તેમજ સણસોલી પીએચસી સેન્ટરના મેડિકલ ઓફિસર અને ફાર્માસિસ્ટ સાથે સંયુક્ત રીતે સ્થળ પર તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન દવાખાનું ચલાવતા ઈસમ પાસે તબીબી પ્રેક્ટિસ કરવા અને એલોપથી દવાઓ રાખવા માટે જરૂરી ડિગ્રી માંગવામાં આવી હતી. આરોપીએ પોતાની પાસે કોઈ પણ પ્રકારની માન્ય તબીબી ડિગ્રી ન હોવાનું સ્વીકાર્યું હતું.

પકડાયેલ ઈસમનું નામ અરવિંદભાઈ લાલાભાઈ મકવાણા (ઉ.વ. 50), રહેવાસી મહેલોલ હોવાનું બહાર આવ્યું છે. આરોપી ગેરકાયદેસર રીતે તબીબી પ્રેક્ટિસ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

પોલીસે આરોપી પાસેથી એલોપથી દવાઓ તેમજ મેડિકલ સાધનો સહિત કુલ રૂ. 43,900નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

એસઓજી પોલીસે અરવિંદભાઈ લાલાભાઈ મકવાણા સામે 'ધ ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ-1963'ની કલમ 30 હેઠળ ગુનો નોંધી ઝોલાછાપ ડોક્ટરની અટકાયત કરી હતી. આ કાર્યવાહીથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસ દ્વારા આરોપી કેટલા સમયથી ગેરકાયદે દવાખાનું ચલાવતો હતો અને કેટલા દર્દીઓની સારવાર કરી હતી તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.